જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૧૯ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૨૫/૧૯**

**ક્રાઇમબ્રાન્ચ :**

અમદાવાદ શહેર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રસ્તે જતા એકલ-દોકલ રાહદારીઓના મોબાઇલ ફોનો ઝુંટવી ભાગી જઇ મોબાઇલ સ્નેચીંગ થવાના ગુનાઓનો ઉપદ્રવ વધવા પામેલ હોય અને આવા ઘણા ગુનાઓ બનવા પામેલ હોય આ ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી અજય તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્ટાફના હેડ કોન્સ. ભરતકુમાર શીવરામભાઇ તથા હે.કો.કૌશિક ગોવિંદભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી મોહસીન સ/ઓ નાસીરખાન અબ્દુલવહાબ પઠાણ ઉ.વ.૨૦ રહે. ૩/એ, વિષ્ણુબાગ સોસાયટી, દેનાબેંકની સામે, દાણીલીમડા, અમદાવાદ શહેર નાઓને દાણીલીમડા પાસેથી પકડી પાડી તેની પાસેથી એક ચોરીનો કાળા કલરનો VIVO કંપનીનો S1 મોડેલનો મોબાઇલ ફોન કિં.રૂ.૧૫,૦૦૦/- મત્તાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવેલ છે. જે મોબાઈલ બાબતે તપાસ કરતાં એલિસબ્રિજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩) મુજબનો મોબાઈલ સ્નેચીંગનો ગુનો શોધાયેલ છે. આ આરોપીએ આ સિવાય બીજા પણ મોબાઈલ સ્નેચીંગના ગુના આચરેલ હોવાની અને તેની પાસે બીજા પણ ચોરીના મોબાઈલ મળી આવવાની શક્યતા હોય તેમજ તેની સાથે બીજા પણ આરોપીઓ સંડોવાયેલ હોવાની પાકી શક્યતા હોય જે બાબતે સદરી આરોપીની પુછપરછ તપાસ ચાલું છે.

**શોધાયેલ ગુન્હા:** એલિસબ્રિજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩)

**એરપોર્ટ પોલીસ સ્ટેશન :**

# જુગારનો ગણનાપાત્ર શોધી કાઢતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પો.ઈન્સ. શ્રી સી.આર. જાદવ સાહેબ નાઓની સુચના મુજબ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગેરકાયદેસર જુગાર પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના આધારે અમો તાબાના સર્વેલન્સ સ્કવૉડના માણસો સાથે રાખી બાતમી હકીકત આધારે એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મ.નં. ૮૭૪/૫, ભીલવાસ આંબાવાડી, સરદારનગર,અમદાવાદ શહેર ખાતે રહેતા વિકાસ હરેશભાઈ વાગડીયા નાઓ પોતાની માલિકીના મકાનમાં કેટલાક બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક ફાયદા સારૂ ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમી રમાડતા હોય જે બાતમી હકીકત આધારે સદર જગ્યાએ રેઈડ કરતા ત્રણ પુરુષ તથા પાંચ મહિલા સાથે મળી જુગાર રમી રમાડતા મળી આવેલ જેમાં આરોપીઓની અંગઝડતીમાંથી રોકડ રૂ.૧૭,૬૦૦/- તથા જુગારના દાવ ઉપરના નાંણા રૂ. ૧૩,૦૨૦ /- તથા આરોપીઓના કબ્જાના જુદી જુદી કંપનીના મો.ફોન નંગ-૦૬ જેની કિં.રૂ.૮૫,૦૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ જેની કિં.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂ.૧,૧૬,૧૨૦/- ના મત્તાના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય જેથી આરોપીઓને ધી જુગારધારા કલમ-૪,૫ મુજબના કામે તા.૨૯/૧૧/૨૦૧૯ ના કલાક: ૦૨/૧૫ વાગે અટક કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આરોપીઓના નામ : (૧) દિપક ઉર્ફે દિપુ S/O હરેશભાઈ ભીલ ઉ.વ.૨૫ રહે-મ.નં.૮૭૩/૧, ભીલવાસ, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૨) રવિ ઉર્ફે બતક S/O રાજેશભાઈ ગુરનાણી ઉ.વ.૨૪ રહે-મ.નં.૭૬૦/૩, સિન્ધી કોલોની, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૩) રવિ ઉર્ફે ખોપડી S/O શંકરલાલ ગોપલાણી ઉ.વ.૨૮ રહે-મ.નં.૩૦૭/બી, સિન્ધી કોલોની, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૪) હિના ઉર્ફે બબલી W/O દિપકભાઈ આહુજા ઉ.વ.૩૬ રહે-આહુજા ગલી, જુના સરદારનગર પોલીસ સ્ટેશનની પાછળ, સરદારનગર, અમદાવાદ શહેર (૫) ચંપાબેન W/O ભરતભાઈ પારવાની ઉ.વ.૪૦ રહે-૭૨ ગલી, 'સી' વોર્ડ, કુબેરનગર, સરદારનગર અમદાવાદ શહેર (૬) ભાવનાબેન W/O જગદીશભાઈ ઉર્ફે જીતુ જાતે.માખીજા ઉ.વ.૩૦ રહે-આંબાવાડી ચાર રસ્તા, ભીલવાસની બાજુમાં, સરદારનગર, અમદાવાદ શહેર (૭) ભારતીબેન W/O દિપક ઉર્ફે દિપુ જાતે.દામાણી ઉ.વ.૩૫ રહે-જય અંબે ચવાણાની સામે, સબ્જી મંડી, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૮) હેમા W/O શ્યામજીયોમલ સુજનાણી ઉ.વ.૪૭ રહે-રમેશદત્ત કોલોની, ભીલવાસ, સરદારનગર, અમદાવાદ શહેર

મુદ્દામાલ : (૧) અંગઝડતીના રોકડ રૂ.૧૭,૬૦૦/- (૨) જુગારના દાવ ઉપરના નાંણા રૂ.૧૩,૦૨૦/- (૩) આરોપીઓના કબ્જાના જુદી જુદી કંપનીના મો.ફોન નંગ- ૦૬ જેની કિં.રૂ.૮૫,૫૦૦/- (૪) ગંજીપાના નંગ- ૫૨ જેની કિં.રૂ.૦૦/૦૦

કુલ્લે રૂ. ૧,૧૬,૧૨૦/-

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ
(૨) અ.હે.કો.રમેશભાઈ મંગળભાઈ બ.નં.૯૫૧૪
(૩) અ.હે.કો.ચેતનકુમાર દેવજીભાઈ બ.નં.૩૩૯૦
(૪) અ.પો.કો.અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં.૪૧૪૦
(૫) અ.પો.કો.મહેન્દ્રસિંહ મુળુભા બ.નં.૧૦૧૨૭
(૬) અ.પો.કો.જગદીશકુમાર જયંતીલાલ બ.નં.૮૪૯૩
(૭) અ.લો.ર. જીગરકુમાર રામજીભાઈ બ.નં.૧૧૩૦૫
(૮) અ.લો.ર. હીનલબેન રમેશભાઈ બ.નં.૧૧૦૪૩

# ભરતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો શોધી કાઢતી

# એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પો.ઈન્સ. શ્રી સી.આર.જાદવ સા.ની સુચના આધારે તા.૨૮/૧૧/૧૯ ના રોજ સર્વેલન્સ સ્કવૉડના માણસો સાથે પ્રોહી /જુગારની પ્રવૃતી અટકાવવા સારુ એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે સરદારનગર જવાહર કોલોની મ.નં. ૫૮૮/બી આગળ એક ઈસમને પોતાના કબજાની એક્ટીવા નં **GJ-01-UC-5081** માં વગર પાસ પરમીટે OFFICERS CHOICE CLASSIC WHISKY FOR SALE IN RAJASTHAN ONLY ના માર્કાવાળી ૧૮૦ મી.લી.ની શીલ બંધ બોટલ નંગ-૨૩ મળી કિં.રૂ.૨૩૦૦/- નો રાખી મળી આવતા તેની વિરુધ્ધ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ),૧૧૬(૧)(બી),૯૮(૨) મુજબ તા.૨૮/૧૧/૨૦૧૯ ના કલાક: ૨૩/૩૦ વાગે અટક કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આરોપીઓના નામ : ઈન્દર ઉર્ફે ઈન્દુ સ/ઓફ મોહનદાસ રામસિંઘની (સિંધી) ઉ.વ. ૩૭ ધંધો-ઈલેક્ટ્રીશીયન રહે. મ.નં ૫૮૮/બી, જવાહર કોલોની એવરગ્રીન સ્કૂલ પાસે, સરદારનગર પોલીસ લાઈનની બાજુમાં સરદારનગર, અમદાવાદ શહેર

મુદ્દામાલ : ભારતીય બનાવટની વિદેશી દારુની ઑફીસર્સ ચોઈસ વ્હીસ્કીના માર્કાવાળી ૧૮૦ મીલીની બોટલ નંગ ૨૩ કિં રૂ.૨૩૦૦/-ની તથા એક્ટીવા નં **GJ-01-UC-5081** કિં રૂ ૨૬૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૨૮,૩૦૦/- ની મતા.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) સર્વેલન્સ સ્કવૉડ પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ (૨) અ.હે.કો.રમેશભાઈ મંગળભાઈ બ.નં.૯૫૧૪
(૩) અ.હે.કો.ચેતનકુમાર દેવજીભાઈ બ.નં.૩૩૯૦ (૪) અ.પો.કો.અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં.૪૧૪૦
(૫) અ.પો.કો.મહેન્દ્રસિંહ મુળુભા બ.નં.૧૦૧૨૭ (૬) અ.પો.કો.જગદીશકુમાર જયંતીલાલ બ.નં.૮૪૯૩

આરોપીનો ફોટો-:



# આંતરરાજય ઘરફોડ ચોરી કરતા બે ઇસમોને ઝડપી પાડી અમદાવાદ શહેર દરિયાપુર ચોખા બજારમા ૨૧ જેટલી દુકાનોમા કરેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના ખાસ પોલીસ કમિશનર શ્રી અજયકુમાર તોમર સાહેબ, તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશનરશ્રી રાજદીપસિંહ ઝાલા, મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.વી.ગોહિલ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તથા આવા ગુન્હાના આરોપીઓ શોધી કાયદેસર કાર્યવાહી કરવા આપેલ સુચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચ એન્ટી ઓર્ગેનાઇઝ ક્રાઇમ સ્કોર્ડ-૨ ના પો.ઇન્સ.શ્રી કે.જી.ચોધરી સા. ના માર્ગદર્શન તથા રાહબરી હેઠળ પો.સબ. ઇન્સ.બી.પી.દેસાઇ તથા ટીમના માણસો સાથે ઉપરોકત કાર્યવાહી સબંધે કાર્યરત હતા દરમ્યાન મળેલ બાતમી આધારે આરોપીઓ, (૧) હાકમ રૂસ્તમ કાઠાત ઉવ.૨૧ રહે.ગામ : લસાણી-૧, દેલવારા(રૂરલ), તા : બ્યાવર, જી : અજમેર રાજસ્થાન (૨) એમ.બી.શીવા @ શીવા સન/ઓફ બૈરપ્પા રેડ્ડી ઉ.વ.૨૬ રહે, ૪૩૩, ફસ્ટ ક્રોસ, ૩ મેઇન રોડ એન.જી. એફ.લોવેટર, નાગરબાવી, મલ્લાતલ્લી, બેંગ્લોરનાઓને રોકડ રૂ ૭,૩૫૦/ તથા લોખંડનુ ખાતરીયુ તેમજ મોબાઇલ ફોન સાથે મળી આવતા જે મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

આરોપીઓની પુછપરછમા પકડાયેલ આરોપી પૈકી આરોપી, એમ.બી.શીવા સન/ઓફ બૈરપ્પા રેડ્ડીનાનો તેના સાથીદારો સાથે મળીને ભારતભરના અલગ અલગ રાજ્યોમા હવાઇ માર્ગે જતો હતો અને ખોટા પુરાવા આપી હોટલોમા રોકાણ કરતા હતા અને દિવસ દરમ્યાન રેકી કરી ઘરફોડ ચોરી કરવાની જગ્યા ટાર્ગેટ કરતા હતા અને રાતના સમયે ટાર્ગેટ કરેલ જગ્યાએ પોતાની પાસેના લોખંડના ખાતરીયાથી દુકાનોને મારેલ તાળા તોડી ઘરફોડ ચોરીને અંજામ આપી પરત હવાઇ માર્ગે પોતાની નક્કી કરેલ જગ્યાએ જતા રહેતા હતા આવી જ રીતે પકડાયેલ બન્ને આરોપીઓ અમદાવાદ શહેરમા આવી હોટલમા રોકાણ કરી કાલુપુર ચોખા બજારમા આવેલ દુકાનોને દિવસ દરમ્યાન રેકી કરી ટાર્ગેટ કરી રાતના સમયે આશરે ૨૧ જેટલી દુકાનોના તાળા પોતાની પાસેના લોખંડના ખાતરીયાથી તોડી દુકાનોમાંથી સાડા ત્રણેક લાખ જેટલી રોકડ રકમની ચોરી કરેલ છે જે બાબતે દરિયાપુર પો સ્ટે ફ.ગુ.ર.નં.૩૯/૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૪,૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો ડીટેકટ થયેલ છે.

## આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ

પકડાયેલ આરોપીઓ પૈકી આરોપી,એમ.બી.શીવા @ શીવા સન/ઓફ બૈરપ્પા રેડ્ડી એ ફેબ્રુ/૨૦૧૯ થી નીચે મુજબના રાજ્યોમા ઘરફોડ ચોરીઓ કરેલ હોવાની હકિકત જણાવેલ છે

(૧) બેંગ્લોર સીટીમા મા કપડાની દુકાન તોડી ચોરી કરેલ છે
(૨) આન્ધ્રપ્રદેશના નેલ્લુર સીટીમા ઓફીસ તોડી ચોરી કરેલ છે
(૩) તેલંગણા ના વોન્ગલ સીટીમા કપડાની દુકાન તોડી ચોરી કરેલ છે
(૪) તેલંગણા ના ગુડીવાડા સીટીમા મોબાઇલ ની દુકાન તોડી ચોરી કરેલ છે
(૫) તેલંગણા રાજ્યાના વોરંગલ સીટીમા કપડાની તથા લેડીજ મેકપની દુકાન તોડીમાં ચોરી કરેલ
(૬) તેલંગણા રાજ્યાના વોરંગલ સીટીમા લેડીજ મેકપની દુકાન તોડીમાં ચોરી કરેલ
(૭) તેલંગના રાજ્યમાં વોરંગલ સીટીમા ઇલેક્ટ્રીક દુકાન તોડી ચોરી કરેલ છે
(૮) મહારાષ્ટ્ર રાજ્યમા બે જગ્યા મા ચોરી કરેલ છે.
(૯) આસામ ગોહાટીમા ચોખાનુ ગોડાઉન તોડી ચોરી કરેલ છે.

## દાખલ થયેલ ગુન્હાઓ

(૧) તેલંગાણા વારંગલ સીટી મતવાડા પો સ્ટે ફ.ગુ.ર.નં.૨૨૮/૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦
(૨) તેલંગાણા વારંગલ સીટી મતવાડા પો સ્ટે ફ.ગુ.ર.નં.૨૬૧/૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦
(૩) તેલંગાણા વારંગલ સીટી મતવાડા પો સ્ટે ફ.ગુ.ર.નં.૨૯૩/૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦
(૪) તેલંગાણા વારંગલ સીટી મતવાડા પો સ્ટે ફ.ગુ.ર.નં.૨૯૪/૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦
(૫) તેલંગાણા ઇન્થાર્જગંજ પો સ્ટે ફ.ગુ.ર.નં.૨૪૯/૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબ
(૬) આંધ્રપ્રદેશ ઑંગલ પો સ્ટે ફ.ગુ.ર.નં.૨૨૪/૧૯ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબ
(૭) મહારાષ્ટ્ર બલ્લારસ્સા પો સ્ટે ફ.ગુ.ર.નં.૭૮૩/૧૯ ઇ.પી.કો.કલમ ૪૬૧,૩૮૦ મુજબ
(૮) મહારાષ્ટ્ર બલ્લારસ્સા પો સ્ટે ફ.ગુ.ર.નં.૭૯૦/૧૯ ઇ.પી.કો.કલમ ૪૬૧,૩૮૦ મુજબ



ગુના નિવારણ શાખા કામગીરી :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદ્દેશ્યથી પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા સાહેબ નાઓએ તા.૨૯.૧૧.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમા વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો જેમા શરીર સબંધી-૧, પ્રોહીબીશન-૬ મળી કુલ્લે-૭ ઇસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી, આ ઇસમોને રાજ્યની ભુજ, સુરત, વડોદરા તથા રાજકોટ જેલ ખાતે કેદ રહેવા સારુ મોકલવા તજવીજ કરાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.